સત્યમેવ જયતે

| | |
|---|---|
| રજુ તારીખ | ૧૩/૧૧/૨૦૨૫ |
| દાખલ તારીખ | ૧૩/૧૧/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૧૩/૧૨/૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ:**૦૦** માસ:**૦૧** દિન:**૦૦** |

**મહે. લેબર કોર્ટ અમદાવાદના ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

ફોજદારી કેસ નં.૨૫૩૨/૨૦૨૫

(ફોજદારી ઈન્કવાયરીનં.૨૬૩૫/૨૦૨૫)

આંક–

**ફરિયાદી :– કારખાના નિરીક્ષકશ્રી,**

**: વિરૂધ્ધ :**

**આરોપી :– (૧) શ્રી રમેશભાઈ બાલાભાઈ પટેલ (કબ્જેદાર)**

બહુચર પેટ્રોલીયમ

ઠે. સર્વેનં.૮૩૭, વીંછીંયા–ગામ, નળસરોવર રોડ,

સાણંદ, અમદાવાદ.

**ગુન્હો:– કારખાના અધિનિયમની કલમ ૯૨ મુજબ.**

**<u>–: ચૂ કા દો :–</u>**

**(૧)** ફરિયાદની ટૂંકી હકીકત છે કે, આરોપીએ કારખાના અધિનિયમ હેઠળના નિયમ/નિયમોનુ પાલન ન કરી, નિયમ/નિયમોનો ભંગ કરી, કારખાના ધારાની કલમ–૯૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે. હાલની ફરિયાદ રજુ થતા, બી.એન.એસ.એસની કલમ–૨૨૩ મુજબ આરોપી વિરુધ્ધ સંજ્ઞાન લેતા પહેલા, આરોપીને સાંભળવો જરૂરી હોવાથી, પ્રાથમિક તબકકે ફરીયાદને ઈન્કવાયરી રજીસ્ટરે નોંધવામાં આવેલ હતી. ઈન્કવાયરીના કામે આરોપીને નોટીસ કરવામાં આવેલ હતી. જે ઈન્કવાયરી ફેસલ કરી, આંક–૦૧ તળે હુકમ કરી, આરોપી વિરુધ્ધ બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૭ મુજબ સંજ્ઞાન લઈ, હાલનો ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ.

**(૨)** આરોપી/આરોપીઓ વતી અધિકૃત વ્યકિતએ (હવે પછી આરોપી તરીકે સંબોધવામાં આવશે) હાજર થતા, તેઓને નકલ આપી, તેઓને **બી.એન.એસ.એસ. એકટની કલમ–૨૭૪** મુજબ ગુન્હાની વિગતો જણાવી, ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછતા, આરોપીએ, પોતે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે. તેઓએ **બી.એન.એસ.એસ. એકટની કલમ–૨૭૫** અન્વયે કબૂલાત પુરસીસ પણ રજુ કરેલ છે. આરોપીએ ગુન્હો કબૂલ કરતાં, તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી

અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવેલ છે, જેથી તેઓની **બી.એન.એસ.એસ. એકટની કલમ–૨૭૫** મુજબ પ્લી નોંધતા, તેમાં પણ આરોપીએ ગુનો કબુલ કરેલ છે.

**(૩)** આરોપીએ જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે, ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપીએ છીએ અને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**(૪)** તમામ રેકર્ડ ઘ્યાને રાખેલ છે, ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ ઘ્યાને રાખેલ છે. આરોપી સામેનો હાલનો પ્રથમ ગુનો હોવાનુ આરોપીએ જણાવેલ છે. ફરીયાદમાં આરોપીએ અગાઉ કોઈ ગુનો કરેલાની હકીકત નથી. આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરેલ છે. આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, આરોપીની ઉંમર, કેસની હકીકત, તેમજ સજાની જોગવાઈ, ગુન્હાનો પ્રકાર વિગેરે તમામ હકીકતો ઘ્યાને રાખતા તેમજ, *નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯* ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિઘ્ધાંત ઘ્યાને લેતા આરોપીને વ્યાજબી દંડ કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ ::–**

**(૧)** આરોપીને કારખાના અધિનિયમની કલમ–૯૨ મુજબનો ગુનો કરવા બદલ બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ મુજબ દોષિત ઠરાવવામાં આવે છે અને સદરહુ ગુનો કરવા બદલ રૂ.**૨,૦૦૦/–× ૧ નિયમ × ૧ આરોપી (અંકે રૂપિયા બે હજાર પુરા)** તેમ કુલ મળીને **રૂ.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપી કે તેમના વતી હાજર રહેનાર વ્યકિત દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**(૩)** આરોપી/આરોપીઓએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૩/૧૨/૨૦૨૫
સ્થળ : અમદાવાદ.

(એન.આર.વઘવાણી)
ન્યાયાધીશ (સીનીયર ડિવીઝન)
લેબર કોર્ટનં.૫, અમદાવાદ. જજ કોડ જી.જે.૦૧૩૬૮